# રંગ રંગ હોળી, ગુલાલ રંગ ધુળેટી

જીવન સરગમ
બિન્દુબેન કચરા



વસંતઋતુના આ વાસંતી દિવસોમાં સૌને મળતાં આનંદ થાય છે. મન પ્રસન્નતા અનુભવે છે. પ્રત્યેક ડાળીએ, કળીએ, પાંદડે અને પાંખડીએ કેટલાય દિવસો સુધી સૂરજ, પવન અને પરમેશ્વર મળીને ઝીણું ભરતકામ કરે ત્યાર પછી વસંતનું આગમન થતું હોય છે.

લ્યો, કોયલે વસંતની છડી પોકારી દીધી છે. મંદ મંદ વહેતાં માદક પવને ફૂલો સાથે ગોષ્ઠિ શરૂ કરી દીધી છે અને વૃક્ષોએ નવપલ્લવિત થઇ પંખીઓ સાથે ગાવાનું શરૂ કરી દીધું છે ત્યારે આ ઋતુરાજ વસંતને વધાવવામાં આપણે કેમ સામેલ ન થઈએ? વસંત એ પ્રકૃતિનું મનોહર અને અનુપમ સ્વરૂપ છે. વસંત ઋતુઓનો રાજા છે વળી એ જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની ઉપાસનાનું પર્વ પણ છે. કેસૂડાને ખીલવાની મોસમ છે. ગરમાળાને રંગ પાથરવાની મોસમ છે. પ્રકૃતિને નવાં વસ્ત્રો ધારણ કરવાની મોસમ છે. આ હોળીનો રંગભર્યો તહેવાર ત્યારે આવે છે જયારે કુદરત ખુદ નવાં રંગીન વસ્ત્રો ધારણ કરી સજીધજીને આવે છે. હોળીમાં રંગોથી રમવા માટે સૌનું હૈયું થનગનાટ કરતું હોય છે.

અમારી બાજુમાં તરતની પરણીને આવેલી આંગીની જ વાત કરીએ. હજી પરણીને બે મહિના જ થયા છે. એક બાજુ-દિયર, મિત્રો, નણંદ, નણદોઇ વગેરે સાથે હોળી ખેલવાનો ઉમંગ છે તો બીજી બાજુ એના મનમાં ક્યાંક ને ક્યાંક સંશય અને સંકોચ છે અને થોડો ભય પણ છે કે તેઓ મજાકમસ્તીમાં હદ પાર કરીને મારી સાથે હોળીમાં ખરાબ વર્તન કરી આનંદ બગાડી નાંખે તો? આંગી શરમને લીધે વિરોધ પણ કરી શકતી નથી અને સમસમીને રહી જાય છે. પોતાની પહેલી હોળી સાસરિયામાં ઉજવી ક્ષણોને યાદગાર બનાવવા માંગે છે. એક બાજુ ઢોલનગારાં ને રંગોની બૌછાર, ગીતોના સૂર ‘રંગ બરસે ભીગે ચુનરવાલી રંગ બરસે!’

અને આવા ધીંગામસ્તીના માહોલમાં આંગીનો દિયર દોડતો હાથમાં રંગ લઈને આવ્યો...

‘‘હોલી હૈ ભાભી, હોલી હૈ’’ કહી આંગીને જબરદસ્તીથી પકડી રંગી દીધી. આંગી ખૂબ જ ગભરાઈ ગઈ. આંગીએ પતિને કહ્યું-‘‘આવી રીતે બધાં જ મારી સાથે કરશે? મારો તો જીવ ગભરાય છે. ચાલો રૂમમાં.’’ તેમણે આંગીને સમજાવતાં કહ્યું-‘‘ગભરાવાનું શું? આ તો તહેવારનો આનંદ છે-બસ - હવે હું તારી સાથે જ રહીશ.’’ હવે આંગી રંગમાં આવી ગઇ. એટલામાં એની સખી રીતુ આવી. તે આંગીને અને એના પતિને પોતાના ઘેર લઇ ગઇ. તેણે તો તેની પૂર્વ તૈયારી પણ સુંદર રીતે કરી છે. તેના આખા પરિવાર માટે સફેદ પાયજામા-કુરતા સૂટ લીધા છે અને નક્કી કર્યું છે કે માત્ર ગુલાલથી જ હોળી રમીશું. સાથે મિત્રોને પણ સ્ટ્રીકલી વોર્નિંગ આપી કે સાથે એવા કોઇ પણ નશીલા પદાર્થ નહીં હોય જેનાથી હોળીની મજા બગડી જાય. બધા સાથે ખાશું-ડાન્સ કરીશું- તારા પરિવારને પણ મારે ત્યાં બોલાવી લેજે. હું બધાંને માટે ભેટ પણ લાવી છું-મારા ઘરના વડીલો પણ મારા આ કાર્યક્રમથી ખુશ છે. સહુ એકબીજાને રંગતાં હતાં ત્યારે અચાનક મારા મોબાઈલની રીંગ વાગી. ફોન લઈને હું મારા ફ્લેટની પાછળની ગેલેરીમાં ગઇ. જેથી મને અવાજ સંભળાય. હું ફોન પર વાત કરતી હતી ત્યાં જ મારા પતિના બેત્રણ મિત્રો અમને શોધતાં આવ્યા અને મને રંગવા લાગ્યા. હું વિરોધ કરતી રહી ને તેઓ જબરદસ્તીથી મને રંગવા માંડયા. એક મિત્રે મારા બંને હાથ પકડી લીધા અને બીજો મિત્ર મારા ગાલ પર રંગ લગાડવા માંડયો. મારું બેલેન્સ જતું રહ્યું અને હું પેલા બીજા મિત્રના હાથમાં જઈને પડી. એટલે અન્ય મિત્ર મારા આખા શરીર પર હાથ ફેરવતા રંગવા લાગ્યા. હું તેઓના હાથમાંથી છૂટવા મથતી હતી એ જ ક્ષણે મારાં સાસુ ત્યાં આવી પહોંચ્યાં. મને આ રીતે પતિના મિત્રોના હાથમાં જોઈ ગુસ્સાથી સમસમી ગયાં. બસ

**હું તેઓના હાથમાંથી છૂટવા મથતી હતી એ જ ક્ષણે મારાં સાસુ ત્યાં આવી પહોંચ્યાં. મને આ રીતે પતિના મિત્રોના હાથમાં જોઇ ગુસ્સાથી સમસમી ગયાં. બસ મારા જીવનમાં હોળી-ધુળેટીએ એ જ ક્ષણે હોળી પ્રગટાવી દીધી. આંખે જોયેલું સત્ય પણ કેટલીક વાર અસત્ય હોય છે એ વાત હું સહુને કઇ રીતે સમજાવું?**

મારા જીવનમાં હોળી-ધુળેટીએ એ જ ક્ષણે હોળી પ્રગટાવી દીધી. આંખે જોયેલું સત્ય પણ કેટલીક વાર અસત્ય હોય છે એ વાત હું સહુને કઇ રીતે સમજાવું?

સાસુએ પતિને બધું બયાન કર્યું-હું હજુ કંઈ કહેવા જાઉં એ પહેલાં જ મારા પતિએ મને બધાંની વચ્ચે બે તમાચા ચોડી દીધા અને બોલ્યા-‘‘નાલાયક, મારા જ મિત્રો સાથે પારકાંનાં ઘરમાં રંગરેલિયાં કરે છે. આજથી તારો અને મારો સંબંધ છૂટો..! જા, નીકળી-તારા પિયર ચાલી જા!’’

હું તો અચાનક આ પ્રકારના હુમલાથી અને આઘાતથી દિગ્મૂઢ બની ગઇ. હું ચોધાર આંસુએ રડવા લાગી. કહ્યું કે આમાં મારો કોઈ વાંક નથી. આ ઘટના માટે હું બિલકુલ જવાબદાર નથી. હું 100% નિર્દોષ છું. મને ગુસ્સો મારી સાસુ પર આવે છે કે વાતની ચકાસણી કર્યા વિના તેઓ મારા પર આક્ષેપો કઈ રીતે કરી શકે?

મારા પતિએ લગ્નજીવનનું એક ક્ષણમાં માતાના કહેવાથી નિકંદન કાઢી નાંખ્યું?

સંબંધોમાં એક વખત તિરાડ સર્જાય પછી લાખ પ્રયત્નો છતાં તે સધાતી નથી. મજા અને મસ્તીના નામે ઉજવાતાં ઉત્સવોમાં મર્યાદા ન રખાય તો મારી જેવી કેટલીય સ્ત્રીઓનું જીવન બરબાદ થતું હશે?

તો વાચકમિત્રો! દરેક તહેવારમાં નાચગાન, હલ્લા-ગુલ્લા કરવામાં પ્રમાણભાન રાખવું ખૂબ જરૂરી છે. આપણે વિકૃતિ તરફ ન વળીએ. તહેવારોની ઉજવણીમાં થોડો સંયમ-વિવેક અને સમજણ રાખીએ તો તહેવારની ગરિમા સચવાઈ રહેશે.

તહેવારો આપણને દિશા આપે, પ્રેરણા આપે,આનંદ આપે, તેની સાથે દરેક તહેવારોનું અનોખું મહાત્મ્ય હોય છે. એ આપણે ભૂલવું ન જોઈએ. તો મિત્રો, બૂરાઈઓ બાળીને હોળીના રંગમાં રંગાઈ જઈએ. સૌને હેપ્પી હોલી!



## હોળી ગીત

મઝા મઝા મઝા
હોળી રમવાની કેવી મઝા
વસંત આવી, વસંત આવી
ડાળે ડાળે ફૂલડાં લાવી.
રંગ ગુલાલ ઉડાડો સૌને
હોળી આવી આજે રે
ભર પિચકારી છોડો આજે
મોસમ છે અલબેલી રે
રંગ લાયો, રંગ લાયો રંગ લાયો રે
ઢોલ, મૃદંગ અને બાજે શરણાઈ
હોળીના રંગમાં રંગાઈ જાવ
નાચો રે નાચો સો ઉત્સવ મનાવો
તે રંગ લાયો, રંગ લાયો લાયો રે.